
ओ३म्



॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર

यदि आप अपने कार्य में आनंद लेते है,
तो कार्य में सफलता निश्चित है।
यदि अपने कार्य को मुसीबत समझते हैं,
तो सफलता में संशप है।

| | | |
|---|---|---|
| સૃષ્ટિ સંવત | : | ૧,૯૬,૦૮,૫૩,૧૧૪ |
| વિક્રમ સંવત | : | ૨૦૬૯ |
| દયાનન્દાબ્દ | : | ૧૮૯ |
| વર્ષ | : | ૧ |
| અંક | : | ૫ (ઓક્ટોબર - ૨૦૧૩) |
| વાર્ષિક શુલ્ક | : | ૧૦૦ |
| પૃષ્ઠ સંખ્યા | : | ૮ |


# આર્યસમાજના પદાધિકારીઓ અને અંતરંગ સદસ્યો નો ચિંતન શિબિર સંપન્ન.

## આવા શિબિરો વારંવાર યોજવાજોઈએ - શિબિરાર્થીઓનો સૂર

## આર્ય સમાજે ક્યારેય કોઈનો વિશ્વાસઘાત કર્યો નથી - વિનય આર્ય

## સમર્પણ અને સેવા વ્રત ધારણકરીએ - બ્ર. દિનેશજી

## આર્ય સમાજનાં નિયમો વિશ્વ શાંતિ અને સદ્‌ભાવના પ્રેરક છે.

## - પં. રામસ્વરૂપજી

વિશેષ અહેવાલ પાના નં ૩ પર

## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા યોજાશે આર્ય પરિવાર સ્નેહમિલન આર્યજન આબાલવૃદ્ધને બહોળી સંખ્યામાં પધારે

ગુજરાત પ્રાંતીય આર્યપ્રતિનિધિ સભા દ્વારા પ્રાંતીય કક્ષાનું આર્ય પરિવાર સ્નેહ મિલન આગામી તા. ૨૭,૨૮,૨૯ ડિસેમ્બર ૨૦૧૩ ના રોજ વાનપ્રસ્થ સાધક આશ્રમ આર્યવન, રોજડ ખાતે રાખવામાં આવેલ છે. ગુજરાત માં વસતા આર્ય પરિવારોને બહોળી સંખ્યામાં પધારવાસભા પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલે અપીલ કરેલ છે. આર્ય પરિવાર સ્નેહ મિલનમાં પરિવાર ઉપયોગી વિવિધ કાર્યક્રમો રાખવામાં આવશે. તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૧૩ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પહોંચવાનું રહેશે. આપના આગમનનીજાણ અને વિગતવાર કાર્યક્રમની જાણકારી માટે આપની નજીકની આર્યસમાજનો સંપર્ક કરવો.

# આર્યસમાજ ભાવનગર દ્વારા વેદપ્રચાર સપ્તાહ ઉજવાયું
# બ્ર. અજયજી દર્શનાચાર્યએ આપ્યું ગીતાજ્ઞાન
# ''ગીતા ઉદય''

જેવી રીતે રોજ સૂર્ય ઉદય થાય અને સૂર્યના રશ્મિ આપણને નવી ઉર્જા આપે તેમ શુધ્ધ સ્વરૂપમાં ગીતાના જ્ઞાન નું અમૃત પાન કરાવવા આર્યસમાજ ભાવનગર દ્વારા ૨૫-૦૮-૧૩ થી ૨૮-૦૮-૧૩ સુધી રોજ સાંજે ૮-૯:૧૫ દરમિયાન આચાર્ય અજયજીનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આચાર્યજીએ પોતાની સરળ શૈલીમાં સમજાવતા કહ્યુ હતુ કે ગીતાનો અર્થ છે ''જ્ઞાન'' આ ઉપરાંત તેમણે મૂળ ગીતા કેવી હતી અત્યારે તેમાં મિલાવટ થઈ તે તર્ક સાથે સમજાવ્યું ગીતા ભગવાન શ્રી કૃષ્ણએ કહી ત્યારે અર્જુનની માનસિક સ્થિતિ વર્ણતા કહ્યુ કે ''ગીતા માત્ર કથા સાંભળવાનો ગ્રંથ નથી''ગીતા પ્રેક્ટીકલી આપણાં જીવન સાથે જોડાયેલ છે. માત્ર એક ''મોહ''ના કારણે વેદોના જ્ઞાતા યુધ્ધ કલામાં નિપૂણ, વિદ્વાન અર્જુન હથિયાર મૂકી દે છે આપણે તો આવા અને ક દુર્ગુણો થી ગ્રસ્થ છીએ. જો ગીતાના જ્ઞાનને વ્યવહાર માં લાવીએ તો આવાં અનેક દુર્ગુણો,પાપકર્મથી બચી ધર્મયુક્ત આચરણ કરી શકીએ ગીતાના મુખ્ય ત્રણ વિષય છે આત્મા,કર્મફળ અને નિજ સ્વરૂપ વિશે સમજાવતા આચાર્યજીએ કહ્યું હતું કે આપણે આપણા સ્વભાવને જ આપણુ સ્વરૂપ માનીએ છીએ સાચુ સ્વરૂપ જ ન ખબર હોવાને કારણે વ્યવહારમાં ગોટાળો થાય છે. આપણે અન્યાય,અધર્મયુક્ત આપણા સ્વરૂપથી વિરૂધ્ધનુ આચરણ વ્યવહાર કરીએ છીએ. ચહેરો અને DNA થી સમાન દરેક વ્યકિતના સ્વભાવ અલગ અલગ છે. સ્વભાવનું પરીક્ષણ કરવુ જોઈએ અને એ અનુસાર કર્તવ્ય(લક્ષ્ય) નો નિર્ણય કરવો જોઈએ. જીવનનુ લક્ષ્ય બનાવ્યા વિના જીવવું કષ્ટદાયી છે. પરંતુ લક્ષ્ય હોવાથી ચાહે કેટલી પણ પ્રતિકૂળતા આવે સહન કરવું એટલુ કઠિન નથી જેટલુ જીવનનુ લક્ષ્ય નક્કી કર્યા વિના જીવવુ. વાસ્તવિક લક્ષ્ય એ છે જે સ્વભાવને અનુકૂલ હોય વાસ્તવમાં જન્મકુંડલી કરતા ગુણ-કર્મ સ્વભાવ આધારિત કુંડલી બનાવવી જોઈએ. જીવનનું લક્ષ્ય બહાર શોધવા કરતા વાસ્તવમા આપણી અંદર જ શોધવુ જોઈએ, અને એ રીતે જીવનનું લક્ષ્ય સ્વભાવ પ્રમાણે નક્કી કરી ને બનાવવુ જોઈએ નહિ બીજા શું કરે છે ?

કેવી રીતે આપણા સ્વભાવને ઓળખીએ ? જેવી રીતે કોમ્પ્યુટર માં ઈમેજ,આર્ટ વગેરે પ્રોગ્રામીંગ ચલાવવાની શકિત હોય છે તેવી જ રીતે આપણી અંદર પણ ભાવના કલ્પના અને સ્વપ્ન જોવાની શકિત છે તે શકિતઓનુ વ્યવહારમાં પરીક્ષણ કરવુ જોઈએ અને તેના આધારે આપણા સ્વભાવને સમજવાનાપ્રયત્ન કરવો જોઈએ. આપણાં સ્વભાવની ઓળખાણ ક્રિયાઓની અપેક્ષા ભાવનાઓથી વધારે થઈ શકે આપણા સ્વભાવને જોવો જોઈએ મુશ્કેલીઓને નહિ. આપણાં સ્વભાવ અનુસાર ચાલવુ જોઈએ. જયારે ગુણ-કર્મ-સ્વભાવ આધારિત વર્ણવ્યવસ્થા અને આચરણ આપણે નથી કરતા ત્યારે સંસારમા અવ્યવસ્થા,અન્યાય વધતા હોય છે.

ભાવનના વિષે બતાવ્યુ કે ભાવના બે પ્રકારની હોય છે જે ભાવના પૂરી નથી કરી શકતા તે સ્વપ્નમાં આવે છે. વ્યવહારમાં આવે તે ઉપયોગી છે. ભાવનાનો અભ્યાસ કરવો જોઈએ કર્તવ્યની વ્યાખ્યા કરતા કહેલ કે જે કરવા યોગ્ય છે એ કરવું તે કર્તવ્ય. જે લોકોનાં આપણાં પર ઉપકાર છે તેના પર ઉપકાર કરવો જેને આપણા પર ઉપકાર નથી કર્યો તેના પર જો સામર્થ્ય હોય તે તેના ઉપર પણ ઉપકાર કરવો

જીવન -કતવ્યનું પાલન કરવું

સફળતા-નિષ્ફળતા બહારના પરિણામનું નામ છે કર્તવ્યને જુએ છે તેમના પર સફળતા કે નિષ્ફળતાના પરિણામની અસર નથી થતી (૧)વ્યકિતગત દ્રષ્ટિકોણ (૨) કર્તવ્ય યુકત દ્રષ્ટિકોણ. આપણે જે પણ નિર્ણય લઈએ છીએ તે તાત્કાલિક વિચાર પર લઈએ છીએ સ્વભાવ અનુસાર નથી લેતા

કાર્યક્રમને સફળ બનાવવા રાજેશભાઈ પારેખ, અશોકભાઈ ભટ્ટ, શશિકાન્તભાઈ પંડયા, પુરોહિત ધર્મેન્દ્ર શાસ્ત્રી, વિજયભાઈ પારેખ અને પ્રગતિબા આર્યએ જહેમત ઉઠાવી હતી.

# આર્યસમાજ હાથીખાના – રાજકોટ દ્વારા
# સાપ્તાહિક સત્સંગ યોજાય ગયો.

આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા તા. ૮/૯/૨૦૧૩ ને રવિવારના રોજ બપોરના ૩ થી ૫ આર્યસમાજ ન્યુમાયાણીનગર ખાતે સાપ્તાહિક સત્સંગ યોજાઈ ગયેલ આ કાર્યક્રમ માં સોનિચત હરિયાણાથી બ્રહ્મચારી શ્રી અજયજી દર્શાનાચઅર્ય પધારેલ બ્રહ્મચારી અજયજીએ ''આત્મા'' વિશે પ્રવચન આપેલ અને માનવજીન ને સફળ બનાવવા અને માનવજીવન નું લક્ષ્ય શું ? આ બાબતે શ્રોતાઓને જાણકારી આપેલ

અંતમાં બ્રહ્મચારી અજયજીનો આભાર માની પ્રવીણભાઈ ઠાકરે સર્વે ઉપસ્થિત મહેમાનો આભાર વ્યક્ત કરેલ આ કાર્યક્રમ સફળ બનાવવા માં આર્યસમાજ હાથીખાના ના મંત્રી શ્રી રણજીતસિંહ પરમારે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ કરેલ.

તા. ૧૪/૯/૨૦૧૩ ને શનિવાર ના સાંજ ના ૫ થી ૭ શીશાંગીયા પરિવાર આયોજિત લક્ષ્મીવાડી શેરી નં-૭ ખાતે ૫ કુંડી શેરી યજ્ઞ નું આયોજન સંપન થયેલ આ કાર્યક્રમ માં ટંકારા મહાવિદ્યાલય ના પૂર્વ આચાર્ય શ્રી વિદ્યાદેવજી એ પ્રવચન આપેલ જેમાં યજ્ઞદ્વારા ઈશ્વરની પૂજા કરવી જોઈએ તે બાબત વિગતવાર માહિતી આપેલ આ કાર્યક્રમ નું આયોજન નટવરસિંહ પરમાર દ્વારા કરવામા આવેલ અને આર્યસમાજ હાથીખાના ના મંત્રી શ્રી રણજીતસિંહ પરમાર દ્વારા આભાર વિધી કરી શાંતિ પાઠ કરી કાર્યક્રમ નું સમાપન કરવામાં આવેલ.

# નવી પ્રેરણા અને નવાં ઉત્સાહ સાથે ચિંતન શિબિર સંપન્ન ગુજરાત પ્રાંતિય આર્ય પ્રતિનિધિ સભાના પ્રયાસને મળેલી સફળતા

આર્યસમાજ એક વૈચારીક આંદોલન છે. આર્યસમાજ સાથે જોડાનાર સ્વયં એક ચિંતક હોય છે. વૈચારિક આંદોલન ને વધુ વેગવાન બનાવવા સમયે-સમયે સૌ ચિંતક ભેગા મળીને વિચારવલોણ ચલાવતા રહે એ અત્યંત જરૂરી છે. ગુજરાત પ્રાંતિય સભાનો આ પ્રયાસ સૌના સહયોગથી આશાસ્પદ પરિણામ આપનારા કહયો




આ શિબિરમાં આર્યસમાજના પદાધિકારીઓ અને અંતરંગ સહસભ્યોને સમેલ કરવામાં આવેલ હતા તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૧૩ નાં સાંજે મોટાભાગના શિબિરાર્થી શિબિર સ્થળ-આર્યસમાજ ગાંધીધામ (કચ્છ) સંચાલિત વૈદિક સંસ્કાર કેન્દ્ર ખાતે પહોંચવા લાગ્યા હતા આર્યસમાજના મહામંત્રી શ્રી વાચોનિધિ આર્ય અને અન્ય અધિકારીઓ સૌનું ભાવભર્યું સ્વાગત કરવા પહેલેથી જ હાજર હતા. આ સમયે જીવન પ્રભાતના બાળાઓ સૌ આગંતુકોને કુમકુમ- અક્ષત- પુષ્પ થી વધારવવા તત્પર હતી ત્યારે તેણીઓના હૃદયની ઉર્મિઓ છલકાતી નજરે પડતી હતી.



રાત્રિબેઠક બરાબર ૮:૩૦ કલાકે શરૂથઈ જેમાં શિબિરર્થીઓ એ પોતાનો વ્યકિતગત પરિચય આપવાનો હતો. દરેકે પોતે કયારથી આર્યસમાજ સાથે જોડાયેલ છે અને આર્યસમાજ ની હાલ શુ જવાબદારી નિભાવે છે તે જણાવ્યુ હતું શયન મંત્રોમાં સામૂહિક પાઠ સાથે આ બેઠક પૂર્ણ કરવામા આવી તા. ૨૦,૨૧,૨૨ ત્રણેય દિવસ નુ પ્રાતઃકાલીન સગ સવારે ૬:૦૦ કલાકે યોગસત્ર હતું. જેમાં યોગચાર્ય કુલદીપજી એ સૌને સામૂહિક આસન-પ્રાણાયામનું પ્રશિક્ષણ આપ્યુ ત્યારબાદ દૈનિક દેવયજ્ઞ માં સૌ સામેલ થતા બ્ર. દિનેશજી એ યજ્ઞ ની પ્રક્રિયા ઓ અને તેનું મહત્વ સમજાવ્યુ તેમજ પ્રતિદિન યજ્ઞ કરવા પ્રેરણા આપી.




દરરોજ ૮:૩૦થી ૧૨:૪૫ સુધી તથા બપોર બાદ ૨:૩૦ થી ૬:૦૦ સુધી વિવિધ બેઠકો નું આયોજન કરવામા આવ્યુ જેમાં નિમ્ન વિષયો નું માર્ગદર્શન વિદ્વાનો દ્રારા આપવામાં આવ્યુ

૧. આર્યસમાજનું સાંગઠનિક સ્વરૂપ અને સંચાલન

૨. આર્યસમાજનાં નિયમો અને ઉપનિયમો

૩.આર્યસમાજનું ગૌરવમય અતીત અને ભવિષ્યની સંભાવનાઓ

૪. આર્યસમાજોએ ધ્યાનમાં રાખવા જેવું રેકર્ડ અને આદર્શ આર્યસમાજ નું સ્વરૂપ

૫.વૈદિક ધર્મનાં સાર્વભૌમિક અને સર્વકાલિક સિધ્ધાંત

૬. યુવા અને કિશોર-આર્યસમાજનું ભવિષ્ય

૭. આર્યસમાજમાં માતૃશકિતનું યોગદાન

૮. કર્તવ્ય પાલન અર્થાત્ પંચમહાયજ્ઞ

૯. સંસ્કારવિધિ અર્થાત્ માનવનિર્માણ યોજના

૧૦. આર્યસમાજમાં વિવાહનાં નિયમો

ઉપરોક્ત વિષય પર પોતાનું વિધ્ધતાપૂર્ણ માર્ગદર્શન આપવા સભાના આમંત્રથી પં. રામસ્વરૂપજી (અજમેર),બ્ર.દિનેશજી (રોજડ) અને શ્રી વિનયઆર્ય (નવીદિલ્હી) ખાસ ઉપસ્થિત રહયા હતા.

આર્યસમાજના ઈતિહાસને તાજો કરતા શ્રી વિનયઆર્યએ જણાવ્યુ કે આર્યસમાજ ના પાયા માં પથ્થર બનનારાઓએ ઘર-પરિવાર-સમાજ અને શાસનના કોપ નું ભોગબનવું પડયુ છે. આમ છતાં તેઓ જરાપણ વિચલિત થયા ન હતા અનેક ઉદાહરણો આપ સૌ શિબિરર્થીઓને આર્યસમાજનાં સાચા વારસ બનવા પ્રેરણા આપી હતી. આર્યસમાજનું મહત્વ સમજાવતા તેઓએ જણાવ્યુ કે આર્યસમાજમાં પ્રવેશ મેળવનાર કોઈ સ્વાર્થી કે લાલચ નથી હોતા અન્ય પંથોમા ગુરૂજીની કૃપા-આશીર્વાદ-ધનલાભ-રાજકીયલાભ જેવું આર્યસમાજમાં નથી, આર્યસમાજમા જોડાનાર કોઈને છેતરતો નથી કે કોઈથી છેતરાતો નથી આર્યસમાજે કયારે કોઈની સાથે વિશ્વાઘાત કર્યો નથી. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે વફાદાર રહેલ છે આર્યસમાજમાં જોડાનાર ને નુકસાન થયાનું કોઈ ઉદાહરણ નથી. શ્રી વિનયઆર્ય એ યુવાનોને આર્યસમાજમાં જોડાવા આહવાન કર્યુ હતુ. તેઓએ શિબિરમાં ઉપસ્થિત યુવાનો સાથે અલગ ગોષ્ઠી પણ કરી હતી જેનાથી પ્રેરાઈને ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોના એક એક યુવાન પસંદ કરી યુવાસમિતિની રચના કરવામાં આવી હતી જેના સંયોજકની જવાબદારી મહેન્દ્રભાઈ દિવાણી (વડોદરા) ને સોંપવામા આવી હતી. તેમની સાથે કેતનભાઈ પટેલ (આણંદ) મધ્યગુજરાત, સંજયભાઈ પ્રજાપતિ (અમદાવાદ), અશોકભાઈ આર્ય (શંખેશ્વર) ઉત્તર ગુજરાત વિશ્વપ્રિય આર્ય (ગાંધીધામ) કચ્છ વિસ્તાર અને ચિંતન પરમાર (રાજકોટ)ના સૌરાષ્ટ્ર વિસ્તાર ની જવાબદારી સોપવામાં આવી હતી, જેઓ પરસ્પર ઈન્ટરનેટ ના માધ્યમથી સતત સંપર્ક માં રહેશે.

શ્રી વિનય આર્યએ આર્યસમાજોએ જાળવવાના મહત્વના રેકર્ડ ની જાણકારી આપી હતી, તેમજ આદર્શ આર્યસમાજનું સ્વરૂપ કેવું હોય તે સમજાવ્યુ હતું તેમજ આર્યસમાજ દ્રારા યોજાતા લગ્નો અંગે પણ કાનૂની માહિતી આપી હતી.

પૂ. રામસ્વરૂપજી (અજમેર) એ આર્યસમાજ ના નિયમો અને ઉપનિયમોની વિસ્તૃત સમજણ આપી હતી આર્યસમાજનાં

વધુ પાના નં. ૪ ઉપર

નિયમોની વિશેષતા બતાવતા તેઓએ જણાવ્યું કે આ નિયમો માં વિશ્વમાં વસતા તમામ માનવોનાં કલ્યાણની ભાવના સમાયેલી છે. જો આ નિયમો નું મન-વચન-કર્મથી પલાન કરે તો મનુષ્ય ઉન્નતિ કરીને દેવ તુલ્ય દિવ્યગુણો વાળો બની જાય છે. તેઓ એ આર્યસદસ્ય અને આર્યભાસદ ની યોગ્યતા સમજવી હતી અને



જણાવ્યુ હતુ કે દરેક આર્યસમાજોએ આર્યસભાસદ વધારવા જોઈએ પં. રામસ્વરૂપજીએ આર્યો ના કર્તવ્ય અર્થાત્ પંચમહાયજ્ઞ ની વિસ્તૃત સમજણ આપી હતી અને તેનું વ્યકિતગત અને પારિવારિક જીવનમાં પાલન કરવા પ્રેરણા આપી હતી તેઓ એ આર્યસમાજ માં માતૃશકિતનું યોગદાન અંગે જણાવ્યુ હતું કે પરિવારનુ મુખ્ય અંગ માતા-મહિલા છે. તેનો આદર થવો જોઈએ તેમજ માતાઓને આર્યસમાજની વિચારધારામાં જોડાય તેમના દ્રારા વૈદિકધર્મ પ્રચારનું માર્ય આગળ વધારવું જોઈએ પંડિતજીએ સંસ્કારવિધિ નું મહત્વ પણ સમાજવ્યું હતું અને વૈદિક પદ્ધિતિએ સંસ્કારોનું પ્રચલન કરવા પ્રેરણા આપી




હતી બ્ર.દિનેશજી (રોજડ) એ વૈદિક ધર્મનાં સિધ્ધાંતો વિશે સમજાવ્યુ હતું દાર્શનિક સિધ્ધાંતો ની સુક્ષ્મ બાબતો ની છણનવટ કરી હતી જેમા કર્મ અને કમફર્ળની વિસ્તૃત જાણકારી ઉદાહરણો સહિત આપી હતી તેમજ વેદના ત્રેત્વવાદના સિદ્ધાંતને તુલનાત્મક રીતે સમજાવતા ઈશ્વર,જીવ અને પ્રકૃતિના ગુણ-કર્મ-સ્વભાવ ને ખોટી રાતે પ્રચારિત કરવામાં આવતા અનેક મત-પંથ વગેરે ના થયેલા પ્રચાલનનીસમીક્ષા કરી હતી તેમજ ધર્મ અને સંપ્રદાય માં રહેલા ભેદ ને સ્પષ્ટ કર્યો હતો તેઓ એ તીર્થ, સ્વર્ગ-નરક વગેરે અંગે વૈદિક દ્રષ્ટિકોણ રજુ કયો હતો.

શ્રી વાચોનિધિ આર્યએ આર્યસમાજ સંચાલન વિશે પોતાના અનુભવો સાથે 'આદર્શ વહીવટ'ની જાણકારી આપી હતી એ,બી,સી,ડી,ઈ ના એકાક્ષરી માધ્યમથી વિવિધ બાબતોને વણી લીધી હતી જેનો ખૂબ સારો પ્રભાવ પડયો હતો.

શિબિરાર્થીઓ સ્વયં સિદ્ધાંતોને જાતે નિર્ણય કરી શકે એ માટે શિબિરાર્થીઓ ને વિભિન્ન ગૃપમાં વહેંચીને અલગ અલગ વિષયો ઉપર આપસમાં ચિંતન કરવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી તેઓ સામૂહિક ચિંતનના અંતે સારરૂપ એક પત્ર તૈયાર કરતા અને તે પત્રનું વાચન તમામ શિબિરાર્થીઓ સમક્ષ કરવામાં આવતુ. ગૃપચર્ચા માટે નીચેનાં વિષયો પસંદ કરવામાં આવેલા હતા.

૧. આર્ય - અનાર્ય ભેદ (તફાવત) સમજાવો.

૨. શું આર્યસમાજે રાજનીતિમાં આવવું જોઈએ ? કારણ જણાવો.

૩. સાચો આસ્તિક કોણ કહેવાય ?

૪. વર્તમાન સમયમાં અસત્ય અને પાખંડ વધ્યા છે તેવું આપ માનોછો ? કારણ જણાવો.

૫. આદર્શ આર્યસમાજ કોને કહેવાય ?

૬. મહર્ષિ દયાનંદ ના સ્વપ્નનો આર્યસમાજ.

૭. ઈશ્વરની બાબતમાં વૈદિક-અવૈદિક માન્યતા ઓ.

૮. આર્યસમાજી અને ગેરઆર્યસમાજી વ્યકિતમાં શું તફાવત હોય છે? આર્યસમાજીની સામાજિક યોગ્યતા સ્પષ્ટ કરો.

૯. પુનઃજન્મનો આધાર શું છે?

૧૦. સ્વર્ગ-નરક નો વૈદિક અને અવૈદિક દ્રષ્ટિકોણ.

૧૧. આર્યસમાજની ઉન્નતિનાં ઉપાયો જણાવો.

૧૨. યુવા-કિશારોને આર્યસમાજ સાથે કેવીરીતે જોડવા ?

૧૩. પંચ મહાયજ્ઞનું વૈદિક અને અવૈદિક સ્વરૂપ.

૧૪. આર્યસમાજનાં નિયમોનું પાલન કરવાથી માનવ-સમાજ શ્રેષ્ઠ બની શકે છે. સમજાવો

૧૫. સમાજ સુધારમાં આર્યસમાજ કયાં-કયાં સફળ થયો છે?

૧૬. ઈશ્વર-જીવ-પ્રકૃતિમાં સમાનતા અને અસમાનતા શું શું છે?

૧૭. આર્યસદસ્ય અને આર્યસભાસદની યોગ્યતા જણાવો.

૧૮. જાતિવાદી સમાજવ્યવસ્થા અને વર્ણવ્યવસ્થાનાં લાભ-હાનિ જણાવો.

૧૯. આર્યસમાજની સ્થાપના સમયનો સમાજ અને વર્તમાન સમાજ.

શિબિરના અંતિમ દિવસે તમામ શિબિરાર્થીઓની મૂલ્યાંકન કસોટી રાખવામાં આવી હતી. જેમાં વૈકલ્પિક જવાબો સાથે નું પ્રશ્નપત્ર દરેકને આપવામાં આવેલ હતુ ૩૦ ગુણ ૧૦૦% મેળવનાર શિબિરાર્થીઓ આ પ્રમાણે હતા. ૧-શશિકાન્તભાઈ આર્ય (આઢવ), ૨-પ્રભુલાલ વેલાણી (રોજડ), ૩.આર્યબંધુજી (સુરેન્દ્રનગર), ૪. વિજયભાઈ આર્ય (આણંદ),

શિબિરનું સમાપન સત્ર આચાર્ય સત્યાનંદ વેદવાગીશની અદ્યક્ષતામાં યોજવામાં આવ્યું હતું જે માં શિબિરાર્થીઓએ ચિંતન શિબિર અંગેના પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતાં. તમામ શિબિરાર્થીઓએ એક સંકલ્પ પત્ર રજુકર્યુ હતું જેમાં દરેકે પોતાની ક્ષમતા અનુસાર શારીરિક, આત્મિક અને સમાજિક ઉન્નતિ માટે સંકલ્પ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે આર્યસમાજ ગાંધીધામ દ્રારા શિબિરમાં ભાગલેનાર ગુજરાતની આર્યસમાજના મુખ્ય શિબિરાર્થીઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ પોતાના અદયક્ષીય પ્રવચનમાં આચાર્ય સત્યાનંદ વેદવાગીશજીએ સંસ્કૃત ભાષા શાખવા,વેદોનો સ્વાદયાય કરવા અને સ્વયંને સંપૂર્ણ આર્ય બનવા પ્રેરણા આપી હતી.

શિબિરનું સમાપન કરાવતા સભાપ્રમુખ શ્રીસુરેશચન્દ્રજી અગ્રવાલે સૌને શિબિરમાંથી પ્રેરણાલઈ પોતાનું જીવન સંકલ્પિત બનાવવા અને આગળની ચિંતન શિબિરમાં વધુ સંખ્યામાં ભાગલેવા આમંત્રણ આપ્યું હતુ તેઓએ સૌ શિબિરાર્થીઓ,વિદ્વાનો,આર્યસમાજગાંધીધામના પદાધિકારીઓ, કર્મચારીગણનો આભાર માન્યો હતો સમગ્ર શિબિરનું સંચાલન સભામંત્રી હસમુખભાઈ પરમારે કર્યુ હતું.

# આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા યોજાયો વેદ પ્રચાર સપ્તાહ કાર્યક્રમ

આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા આર્યસમાજ ન્યુ માયાણીનગર આર્યસમાજ રોડ ખાતે શ્રાવણી પર્વ નિમિતે દર વર્ષે યોજાતા વેદ સપ્તાહ માં તા.૧૧/૮/૧૩ ને રવિવાર થી તારીખ ૧૮/૮/૨૦૧૩ ને રવિવાર સૂધી યજુર્વેદ પારાયણ મહાયજ્ઞ નું આયોજન તથા તા.૧૫/૮/૧૩ ના રોજ સ્વાતંત્ર્ય દિન નીમિતે ધ્વજવંદન નો કાર્યક્રમ સંમપન કરવામાં આવ્યો.

આ મહાયજ્ઞમાં બ્રહ્માસ્થાને ટંકારા મહાવિદ્યાલયના પૂર્વ આચાર્ય શ્રી પૂજય વિદ્યાદેવજી બીરાજમાન હતા તેમજ સાથે વેદપાઠીઓ  મહાવિદ્યાલય ટંકારાના બ્રહ્મચારીઓ જોડાયેલ હતા તા.૧૮/૮/૧૩ ને રવિવાર થી સવારના ૭ : ૩૦ થી ૯ : ૩૦ તથા સાંજના ૪:૩૦ થી ૬:૩૦ સુધી દરરોજ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા યજ્ઞ થી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવતી ત્યાર બાદ ટંકારા મહાવિદ્યાલય થી પધારેલ બ્રહ્માચારી ઓ દ્વારા ભજનો ત્થા પ્રાર્થનાગીત સંભળાવવામાં આવતા અને આચાર્ય શ્રી પૂજય વિદ્યાદેવજી મારફત આઠ દિવસ સુધી અલગ અલગ વિષય  જેવાકે દૈનિક વૈદિક યજ્ઞ શા માટે ? પ્રાર્થના, જીવન કેવું જીવવુ જોઈએ, સ્ત્રી કેમ મહાન છે? ઈશ્વર કોણ છે? અને કયાં છે? મનુષ્ય નું જીવન કેવુ હોવુ જોઈએ? ધર્મ શું છે? આર્ય કોણ છે. અને આર્ય ધર્મ કેટલો જુનો છે. ? વેદના અનુસંધાને પૃથ્વી ની ઉત્પત્તિ વગેરે વિષય ઉપર વેદના પ્રમાણ સહિત દરરોજ પ્રવચન દ્વારા સમાજણ આપવામાં આવતી હતી. યજુર્વેદ પારાયણ આઠ દિવસ સૂધીમાં ૪૫ હવન કુંડ ઉપર ૩૬૦ આર્ય પરિવારો ત્થા જાહેર જનતા એ યજમાન બનવાનો લહાવો લીધેલ યજ્ઞમાં શુદધ ગાયનું ઘી ૩૬ કિલો ની આહુતિ આપવામાં આવી તેમજ આ યજ્ઞ માં વનસ્પતિઓ ત્થા ઔષધિઓ માંથી બનેલા ૩૨ કિલો સામ્રગી યજ્ઞમાં હોમવામાં આવેલ જેનાથી પુષ્ટિવર્ધન, સુગંધ પ્રસાર અને આરોગ્ય તેમજ પર્યાવરણ શુદધીકરણ તેમજ માનસિક વિચારો ની પવિત્રતા જળવાઈ રહે અને વિકાસ થાય છે તેવો સંદેશ પ્રાપ્ત થયો.

આઠ દિવસના મહાયજ્ઞ ના કમર્યક્રમ માં રાજકોટ શહેર ના નામાંકીત ઉધ્યોગપતિ, વેપારીઓ ત્થા અન્ય નામી અનામી મહાનુભાવોની હાજરી અચૂક રહેતી .

મહાયજ્ઞ ની પૂર્ણાહૂતિ ને દિવસે ખાસ આમંત્રિત મહેમાનોમાં રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન ના મેયર શ્રીમતી દક્ષાબેન, ડેપ્યુટી મેયર શ્રી વિનુભાઈ ધવા, ટંકારા મહાવિદ્યાલયના આચાર્ય પૂ.શ્રી રામદેવજી, ગુજરાત પ્રાંતિય આર્યપ્રતિનિધિ સભાના મંત્રી શ્રી હસમુખભાઈ પરમાર, સમાજ કલ્યાણ સમિતિ(R.M.C)ના ચેરમેન શ્રી અશ્વિનભાઈ પાંભર, વોર્ડ નં ૧૪ ના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ રાઠોડ, ઉધ્યોગપતિ શ્રી જયદેવભાઈ આર્યે વગેરે મહાનુંભાવો ખાસ ઉપસ્થિત રહયા હતા.

આઠ દિવસ ના સમગ્ર કાર્યક્રમ નું સંચાલન આર્યસમાજ હાથીખાના રાજકોટ ના મંત્રી શ્રી રણજીતસિંહ પરમાર દ્વારા કરવામાં આવેલ અંતમાં આર્યસમાજ ના પ્રમુખ શ્રી પોપટભાઈ ચૌહાણે સર્વે આમંત્રિત મહેમાનો કમીટીના હોદેદારો ત્થા સંસ્થાના કર્મચારીગણનો આભાર વ્યક્ત કરેલ અને શાંતિપાઠ કરી પ્રીતિ ભોજન રૂપે પ્રસાદ લઈ કાર્યક્રમનું સમાપન કરેલ.

આ કાર્યક્રમ સફળ બનાવવા માટે આર્યસમાજના મંત્રી શ્રી રણજીતસિંહ પરમાર ત્થા કમીટી ના સભ્ય શ્રી ઓ ત્થા હોદેદારો શ્રી પ્રવીણભાઈ ઠાકર શ્રી નટવરસિંહ પરમાર, શ્રી ગોવિંદભાઈ પટેલ , શ્રી વિજયભાઈ બોરીચા , શ્રીમતી લીલીબહેન ગોહેલ , શ્રી મનોહરસિંહ પરમાર, શ્રી ગોવિંદભાઈ સાવલીયા, શ્રી નાનજીભાઈ પટેલ તેમજ આર્યસમાજ ના પંડિતો કર્મચારીઓ એ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવેલ છે.






## પ્રાંતીય સભાની અંતરંગ બેઠક

ગજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની અંતશાં સભાની આગામી બેઠક તા.૨૦/૧૦/૨૦૧૩ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે આર્યસમાજ (ખંભાળિયા દરવાજા બહાર) ખાતે મળશે, બેઠકની વિષય સચિનો પરિપત્ર અંતરંગ સદસ્યોના પાઠવવામાં આવેલ છે. તમામે સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

સુરેશચન્દ્ર અગ્રવાલ (પ્રધાન)
હસમુખ પરમાર (મંત્રી )

# આર્ય સમાજ, જુનાગઢના કારોબારી સભ્યશ્રી સુધાબેન ગોહિલના સુપૌત્રો જયવીરસિંહ અને જયરાજસિંહના મુંડન સંસ્કાર

આર્ય સમાજ, જુનાગઢના કારોબારી સભ્યશ્રી સુધાબેન ગોહિલના સુપૌત્રો જયવીરસિંહ અને જયરાજસિંહના મુંડન સંસ્કાર તા. ૮.૯.૨૦૧૩ ના દિવસે આર્ય સમાજમાં ઉત્સાહભેર યોજવામાં આવ્યા. બંને બાળકોના માતા પિતા શ્રીદીલીપસિંહ તથા સોનલબાએ યજમાન સ્થાને બેસી સંપૂર્ણ વિધિ સંપન્ન કરી. પંડીત વિવેકશાસ્ત્રીએ મુંડન સંસ્કાર વિધિ કરાવી હતી. આ કાર્યક્રમમાં તેમના સગાસંબંધીઓ તેમજ સમાજના સભ્યોએ હાજરી આપી યજમાન પરિવારને આર્શીવાદ આપ્યા હતાં. કાર્યક્રમના અંતે ભોજન સમારંભ યોજયો હતો. આ શુભ પ્રસંગ સૌએ આનંદથી માણ્યો.



# क्रियात्मक योग प्रशिक्षण शिबिर

## वानप्रस्थ साधक आश्रम, आर्य वन, रोजड, गुजरात

## आवश्यक सूचनायें तथा नियमावली

पूज्य स्वामी सत्यपति जी परिव्राजक की अध्यक्षमता में वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड, में कार्तिक शु. ८ से कार्तिक पूर्णिमा वि.सं. २०७० तदनुसार १० नवम्बर से १७ नवम्बर २०१३ तक ८ दिन के योग पशिक्षण शिविर का आयोजन किया जा रहा है, इस में आपका स्वागत है तथा आपके कल्याण की कामना करते है। शिविरार्थी १० नवम्बर को सायंकाल ४ बजे तक शिविर स्थल पर पहुँच जावें। शिविर समापन १७ नवम्बर को मध्याहन लगभग १ बजे होगा।

शिविर में क्रियात्मक योग साधना सिखाने के साथ-साथ योग दर्शन के सूत्रों का अध्यापन, यम-नियम, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान, समाधि, विवेक, वैराग्य, अभ्यास, जप-विधि, ईश्वर समर्पण, स्व-स्वामीसम्बन्ध, ममत्व को हटाने जैसे अनेकों सूक्ष्म आध्यात्मिक विषयों पर विस्तार से मार्गदर्शन दिया जाएगा। शिविर की दिनचर्या प्रातः ४.०० से रात्रि ९.३० बजे तक रहेगी। शिविर में भाग लेने वाले व्यक्ति के लिए आवश्यक नियम :

१. विशेष कक्षाओं को छोड करके शिविरार्थीयों को दिनभर मौन का पालन करना होगा।
२. पंजीकरण की स्वीकृति होने पर आपको भेजा जाने वाला शिविर प्रवेश पत्रक साथ में लायें। अन्यथा शिविर में स्थान आरक्षित नहीं मान जाएगा।
३. रोगी, अशक्त, वृद्ध, धूम्रपान आदि व्यसनों वाले व्यक्ति कृपया शिविर में भाग न लें।
४. स्थानाभाव, अयोग्यता अथवा अन्य किसी कारण से प्रवेश न देने की स्थिति में शिविर शुल्क ८०० रुपये लौटा दिया जायेगा। स्वीकृति प्राप्त शिविरार्थियो के न आने पर शुल्क लौटाया नहीं जायेगा।
५. बिना स्वीकृति के शिविर में आ जाने वालों को स्थान होने पर ही स्वीकृति दी जायेगी, साथ ही उन्हे शिविर शुल्क ८०० रु. के स्थान पर १५०० रु. देना होगा।
६. कम से कम १० (दसवीं) कक्षा तक शिक्षा प्राप्त हो तथा पूर्ण अनुशासन में चलने वाला हो।
७. १५ से ५० वर्ष तक आयु वाले पठित और नए व्यक्तियों को शिविर में भाग लेने के लिए प्राथमिकता दी जाएगी।
८. दूर से आने वाले शिविरार्थी अपना वापसी का रेलवे आरक्षण पूर्व ही करा लेवें।
९. शिविरार्थियों को शिविर काल में चलभाष (मोबाइल) करने की अनुमती नहीं मिलेगी, चलभाष कार्यालय में जमा करवाना पडेगा और किसीको बहुत आवश्यक होगा तो कार्यालय से फोन कर सकेंगे।
१०. आवास व्यवस्था की कमी आदि अनेक कारणों से शिविरार्थि सीमित संख्या में लिए जाएँगे तथा प्रथम आवेदकों को प्रार्थमिकता दी जाऐगी। पुरुष और महिलाओं की पृथक् व्यवस्था होगी।
११. जो शिविरार्थी आर्थिक कढिनाई के कारण शुल्क देने में असमर्थ होंगे उनके आवेदन करने पर योग्य जानकर शुल्क में आंशिक या पूर्ण छूट ही जा सकती है।
१२. शिविरार्थी १० नवम्बर को प्रातः ९ बजे से सायंकाल ४ बजे तक शिविर स्थल पर पहुँचें जावें। कृपया इससे पूर्व व पश्चात् न पहुँचें। ऐसा करने से व्यवस्था में बाधा उत्पन्न होती है।
१३. अनुशासन को दृष्टिगत रखते हुए शिविर में अन्तिम दिन तक उपस्थित रहना होगा।
१४. शिविरार्थी अपने साथ ओढने हेतु कम्बल, टार्च, पेन, नोटबुक, आदि लावें।
१५. शिविर में प्रयोग हेतु सादे वस्त्र (सफेद अथवा पीले) लावें।
१६. छोटे बच्चे, कीमती सामान, रेडियो आदि अपने साथ न लावें।
१७. शिविर काल में शिविर स्थल से बाहर जाने का निषेध रहेगा यदि आपको अपने घर पर अथवा परिजनों को रोजड पहुँचने की सुचना देनी हो प्रवेश से पहले ही दे देवें।

**वानप्रस्थ साधक आश्रम**
आर्यवन, रोजड, पत्रा. सागपुर, जि. साबरकांठा (गुजरात) ३८३३०७, दूरभाष : (०२७७०) २८७४१७, २९१५५५, ९४२७०५९५५०.
E-mail : vaanprastharojad@gmail.com
Web : www.vaanprastharojad.org

अहमदाबाद एस.टी. बस स्टैंड से धनुसुरा , मोडासा की ओर जानेवाली बस में बेठकर रोजड गाँव उत्तरे। यहाँ से पुंसरी रोड से अंदाजीत डेढ किलोमीटर दूर आर्यवन है। अहमदाबाद से आर्यवन (रोजड) अदाजीत ७० कि.मी. दूर है।

# અભિનંદન

૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિનનાં દિવસે, શ્રીમતિ શકુંતલાબહેન અરૂણ ભુતૈયા ને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનાં રાષ્ટ્રીય એવોર્ડથી રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીનાં હસ્તે સન્માનિત કરવામાં આવ્યા.

વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ નાં ટ્રસ્ટી શ્રી રણસિંહ આર્યનાં સુપુત્રી શકુંતલાબહેન જુનાગઢની શ્રીમતિ એન. બી.કાંબલિયા કન્યા વિદ્યાલયમાં છેલ્લા વીસ વર્ષથી આચાર્યા તરીકે ફરજ બજાવે છે. તેમનાં માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થીનીઓ યોગાસનમાં વૈશ્વિક કક્ષાએ ચેમ્પીયન બની ચુકી છે. આ વર્ષે તેમની ૯ વિદ્યાર્થીનીઓ એ એક સાથે એકલવ્ય એવોર્ડ મેળવી વિક્રમ સર્જ્યો છે. શકુંતલાબહેન અગાઉ શ્રેષ્ઠ શિક્ષક નો રાજ્ય એવોર્ડ, સમન્વય એવોર્ડ તેમજ 'વાંચે ગુજરાત અભિયાન' માં શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ મેળવી ચુક્યા છે. તેમની શાળાને પણ 'શ્રેષ્ઠ સ્કૂલ'નો એવોર્ડ મળ્યો છે. યોગ અને અધ્યાત્મમાં રુચી ધરાવનાર સુશ્રી શકુંતલાબહેન ભૂતૈયાને રાષ્ટ્રીય એવોર્ડ મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.



## વૈદિક શબ્દ કોઠો

• શાંતિલાલ ધૂળકોટિયા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | ■ | 2 | ક | | |
| | | | | | ■ | 3 ગ | | | |
| | | | | ■ | 4 | રિ | | | |
| ■ | ■ | ■ | ■ | 5 | | | | | |
| 6 | | લા | | | ત | | | ■ | ■ |
| 7 વિ | | | | ■ | 8 | | ગ | | જ |
| 9 | | ણ | | | ■ | 10 | | | |
| 11 ઉ | | સુ | | પ | ■ | 12 | ત | | |

**દરેક આડી લાઈન**

૧. ક્યા ત્રણ પ્રકારના દુઃખોથી છૂટી જવુ મનુષ્યનુ મુખ્ય લક્ષ્ય છે. (૫-૫-૪)
૨. માતા, પિતાના મૃત્યુ પછી કરવામાં આવતુ એક દાન, વેદ વિરુધ્ધ છે (૪)
૩. ગરૂડ પુરાણમાં આ શ્રાધ્ધ કરવુ તેવી અસત્ય ક્રિયા લખેલી છે (૪)
૪. પોતે ન કરે પણ બીજા પાસે કરવે તે કર્મ નો એક પ્રકાર (૫)
૫. આજ કાલ સમાચાર માધ્યમો મા સ્વામી દયાનંદ રચિત ક્યા ગ્રંથની ચર્ચા થઈ રહી છે. (૬)
૬. મારા જીવન નો ખરાબ હિસ્સો મારો છે. પ્રશંસા યોગ્ય આર્યસમાજની દેણ પંજાબ ના ક્યા આય મહા પુરુષ ના શબ્દો છે. (૮)
૭. આ એક જ ઉત્તમ પ્રકારનું દાન છે બીજા દાન તેના સહાયક છે (૪)
૮. હિન્દુ ઓનુ પ્રસિધ્ધ તીર્થ સ્થાન ઈ. ૧૫૮૩ માં અકબરે તેનું નામ અલ્હાબાદ રાખ્યું (૫)
૯. વેદ વિષયોની વ્યાખ્યા કરવા વાળા ગ્રંથો ક્યા નામથી ઓળખાય છે. (૫)
૧૦. ચાર વેદ મા કર્મ ક્યા વેદનો વિષય છે. (૪)
૧૧. પાસે બેઠેલ વ્યક્તિ ન સાંભળી શકે તે પ્રકારે કરવામાં આવતો જાપ (૫)
૧૨. મૃત્યુ પછી જીવાત્મા ગાય પૂછડુ પકડી કઈ નદી તરી મુક્તિ પામે તેવી ભ્રામક માન્યતા છે. (૪)

**શબ્દ કોઠાનો ઉકેલ આવતા અંકે. સાચા જવાબ આપનારના નામ આગામી અંકમાં છપાશે.**

# ગુજરાત પ્રાંતીય આર્યવીર દળ
# શીતકાલીન વાર્ષિક પ્રશિક્ષણ શિબિર
# આગામી તા. ૧૦ થી ૧૭ નવેમ્બર ૨૦૧૩ યોજાશે

આર્યવીર દળ ગુજરાત અને આર્યસમાજ કાંકરીયા અમદાવાદ ના સંયુકત ઉપક્રમે શીતકાલીન વાર્ષિક પ્રશિક્ષણ શિબિર આગામી તા. ૧૦.૧૧.૨૦૧૩ થી તા. ૧૭.૧૧.૨૦૧૩ સુધી નીચેના સ્થળે યોજવાનું નકકી કરવામાં આવેલ છે. તે માટે ૧૪થી૨૦ વર્ષ ની વય ધરાવતા કિશોરો અને તરૂણોની પંસદગી કરી તેમના પ્રવેશફોર્મ ભરાવી તથા શુલ્ક રૂા.૨૦૦ (અંકે બસો) વ્યકિત દીઠ પ્રવેશપત્ર સાથે મોકલવાના રહેશે. તા ૧૦.૧૧.૨૦૧૩ ના સવારે ૧૧-૦૦કલાકે સુધીમાં શિબિર સ્થળે પહોચવાનું રહેશે.

શિબિર સ્થળ : આર્યસમાજ સેકટર- ૨૪ ઈન્કાવાયરી ઓફિસ પાસે, ગાંધીનગર જિ. ગાંધીનગર ફોન નં. ૦૭૯ ૨૩૨૮૯૫૭૮

શિબિર સમાપન : તા. ૧૭.૧૧.૨૦૧૩ બપોરે ૧-૦૦ કલાકે

૧. શિબિરાર્થીએ સાથે લાવવાની વસ્તુઓઃ- ખાખી ચડી, સફેદ સેન્ડો ગંજી, સફેદ શર્ટ, સફેદ મોજા, બ્રાઉન કેનવાસ સુઝ, લાઠી, સાદા કપડાં, ન્હાવાનો સામાન,ઋતુ પ્રમાણે ઓઢવાની શાલ/ચાદર, નોટબૂક - પેન

૨. મોબાઈલ ફોન અને કિંમતી ચીજવસ્તુઓ સાથે ન લાવવી.

૩. અનુશાસનનું ચુસ્તપણે પાલન કરવું

૪. શિબિરના અંને આર્યવીરોની મેદાની કાર્ય, લેખિત, મૌખિક પરીક્ષા યોજાશે. જેમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર આર્યવીર અને તેમની સંબંધિત આર્ય સમાજ/શાળાને પુરષ્કૃત કરવામાં આવશે.

નોંધ. - દરેક આર્યસમાજોએ વધુમાંવધુ સંખ્યામાં શિસ્તબધ્ધ કિશોરો, યુવાનોને મોકલવા વિંનતી. શિબિરાર્થીની સંખ્યાની જાણ વહેલી તકે ફોન ઉપર કરી આપવા વિંનતી.

ભવદીય

| હસમુખ પરમાર | દેવકુમાર પડસુંબીયા | નીતિન ચૌહાણ |
|---|---|---|
| સંચાલક | કોષાધ્યક્ષ | મંત્રી |
| (મો.૯૮૭૯૩ ૩૩૩૪૮) | (મો.૯૯૭૯૩ ૫૫૧૭૧) | (મો.૯૮૭૯૦ ૨૯૯૮૨) |

## ।।ओ३म्।।
## अनुभूति उनकी कर लो

रचना को देख उनकी, अनुमान उनका कर लो।
श्रद्धा से अपने मन में ख्यालात् उनके भर लो।
डालोगे दृष्टि जहाँ भी वो दृष्टिगोचर होगा।
विचित्र देख रचना, अगोचर को मनमें भर लो।
कैसे बनाये प्राणी, कैसी बनायी सृष्टि !
उण्डें उतरके अपने तन में ही दृष्टि कर लो।
वो कुटस्थ कभी न चलता, सबको चलित करता।
सबके बहिर भीतर एहसास उनका कर लो।
अब खोजनां कहाँ है तेरे भीतर भी वो है।
अपने भीतर उतरके अनुभूति उनकी कर लो।

–रमण नावलीकर

## સપ્ટેમ્બર –૧૩ વૈદિક શબ્દકોઠાનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 પ્ર | કૃ | તિ | ■ | 2 આ | ધિ | દૈ | વિ | ક | ■ |
| 3 મ | નુ | સ્મુ | તિ | ■ | ■ | 4 ય | જુ | ર્વે | દ |
| ■ | 5 ભ | ગ | વા | ન | શ્રી | રા | મ | ચં | દ્ર |
| 6 રા | મે | શ્વ | ર | ■ | 7 ગ્રં | થ | સા | હે | બ |
| 8 ભ | ગ | વા | ન | શ્રી | કૃ | ષ્ણ | ■ | 9 યો | ગ |
| ■ | 10 હ | બ | સી | ■ | 11 ના | મ | ક | ર | ણ |
| 12 આ | લ | મં | દા | રા | દિ | ■ | 13 બ | ળ | દ |
| ■ | 14 અ | જ્ઞા | ત | ■ | 15 જ | ડ | પૂ | જ | ન |

# આર્યાભિવિનય

## મહર્ષિ દયાનંદ સરસ્વતી

गयस्फानो अमीवहा वसुवित्पुष्टिवर्द्धनः ।
सुमित्रः सोम नो भव ।।३८।।

**વ્યાખ્યાન :** હે પરમાત્માના ભક્ત જીવો ! જે પરમેશ્વર આપણો ઈષ્ટ દેવ છે તે गायस्फानः પજા , ધન, જનપદ-દેશ, અને સુરાજયની વૃદ્ધિ કરનાર છે . તથા अमीवहा શરીર, ઈન્દ્રયજન્ય અને માનસ રોગોનું હનન (વિનાશ) કરનાર છે .वसुवितસર્વ પૃથ્વી આદિવસુઓનો જાણકાર છે. અર્થાત્ સર્વજ્ઞ અને વિદ્યાદિધનનો દાતા છે. **पुष्टिवर्द्धनः** આપણાં શરીર, ઈન્દ્રિય, મન અને અત્માની પુષ્ટીની વૃદ્ધિ કરનાર છે. **सुमित्रः सोम, नः भव** તે જ સુંદર યથાવત્ સર્વનો પરમમિત્ર છે. એટલા માટે આપણે તેની પાસે એ જ માંગીએ કે હે સોમ ! સર્વ જગત ઉત્પાદક ! આપ જ કૃપા કરીને અમારા સુમિત્ર બનો. અને અમે પણ સર્વ જીવોના મિત્ર બનીએ. તથા આપણી સાથે પણ અત્યંત મિત્રતા રાખીએ. (૩૮)

# અંધવિશ્વાસ અને તેનું નિવારણ

– મદન રહેજા

**અંધવિશ્વાસ :–** સાધુ - સંત - ગુરુની નિંદા ન કરવી જોઈએ. આથી પાપ લાગે છે.

**નિવારણ :–** એ સાચુ છે કે કોઈની પણ નિંદા ન કરવી જોઈએ. પરંતુ સત્ય કહેવામાં ક્યારેય પણ ડરવું ન જોઈએ. જે વસ્તુ જેવી છે તેને તેવી જ કહેવી–જાણવી–માનવી સ્તુતિ કહેવાય છે. જે વ્યક્તિ જેવો છે. અને તેના વિશે જેવું જાણીએ છીએ તો તેને તેવાંજ કહીવામાં શું દોષ છે ? એમ કહેવું તે નિંદા નથી. કોઈની બાબતમાં ખોટુ કહેવું, વિના કારણે કોઈની બુરાઈ કરવી–પાછળથી કોઈના વિશે એવી વાતો કહેવી કે જે અંગે આપણે જાણતા ન હોય તેને નિંદા કહેવાય.

કોઈ ચોર હોય, ચોરી કરતો હોય અને આપણે લોકોને જાણ કરીએ કે તે (ચોર) વ્યક્તિ થી ચેતતા રહેવું. એમ કહેવું તે નિંદા નથી જેઓ સંત – મહાત્મા હોય તેઓના વિશે ખોટી વાતો કરવી તે નિંદા છે. જેવું છે તેવું જ કહેવું તે નિંદા નહીં, પરંતુ સ્તુતિ છે. કોઈની પણ નિંદા કરવી તે પાપ છે, પરંતુ સત્ય બોલવામાં પાપ નથી. હા, અસત્ય બોલવામાં કે અસત્ય વાતને છુપાવવમાં જરૂર પાપ લાગે છે.

જે સાધુ–સંત–મહાત્મા–ગુરુ વેદ વિરુદ્ધ વાતો કરતા હોય તેઓ સાધુ –સંત–મહાત્મા–ગુરુ થવાને લાયક જ નથી. એવાં લોકો ની પોલુ ખોલવામાં તો પરોપકાર છે. ક્યારેક સત્ય બોલે તો ક્યારેક અસત્ય એવી વ્યક્તિઓની ભૂલો ને જાહેર કરવી તે નિંદા નથી. ગુરુ હોય કે મહાગુરુ પરંતુ ભૂલ કરે તો તેને સુધારવી એ જ સૌનુ કર્તવ્ય છે, એ જ ધર્મ છે.

વિના કારણે કોઈની બુરાઈ કરવી તે પાપ છે. એવાં ગુરુઓના (દુકાનદારી ચલાવનારા– ચેલા–ચેલીઓને લુંટનારા–સ્વયં જ પોતાની જાતને ગુરુ તરીકે સ્થાપિત કરનારા ઈશ્વરના બદલે પોતાની પૂજા કરાવનાર) પ્રવચનોમાં અસ્પષ્ટ વાતોની ભરમાર હોય છે.તેઓ માત્ર પોતાના શિષ્યો–ચેલાઓ વધારવામાં લાગ્યા રહે છે. પોતાની પૂજા કરાવવામા જ રહ્યા–પરચા રહે છે, ધન સંગ્રહ કરતા રહે છે માત્ર ભીડ એકઠી કરવામાં જ પોતાની શાન–માન–સન્માન સમજે છે. કયારેક શિષ્યોને રડાવે તો ક્યારેક હંસાવે, ક્યારેક નચાવે તો ક્યારેક ભકિતનો દેખાવ કરે, એવાં નાટકીય ગુરુઓ સમાજને ભારરૂપ છે. તેઓ સમાજના હિત માટે કંઈ નથી કરતા પરંતુ પોતાનું–પોતાના પરિવારનું હિત કરતા હોય તેવા ગુરુ ની નિંદા કરવી તે પુણ્ય છે.

PRINTED MATTER

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ______________________

**પ્રકાશક અને મુદ્રક :** શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, (પ્રધાન) એ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા માટે નચિકેત આર્ટ પ્રિન્ટર્સ – ૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર, જવાહર રોડ, રાજકોટ. મો. : ૯૮૨૪૨ ૧૮૩૨૩, E-mail : alpaprinters@yahoo.com માં છપાવી પ્રકાશન કાર્યાલય આર્ય સમાજ ટંકારાથી પ્રસિધ્ધ કર્યુ.
**સંપાદક :** હસમુખ પરમાર –૯૮૭૯૩ ૩૩૩૪૮, **સહ સંપાદક :** સદગુણા આર્યા –૯૯૨૫૨ ૨૪૨૮૬, **વ્યવસ્થાપક :** પ્રવીણ ઠાકર – ૯૪૨૮૨૦૨૪૫૮